Extra No. 397

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] SATURDAY, NOVEMBER 8, 2025 / KARTIKA 17, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (યુ) અન્વયે

File No. KHD/MAG/e-file/450/2025/2946/MAG BRANCH.-નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન (સીવીલ) નં ૭૨૮/૨૦૧૫ માં તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ આદેશોમાં ફટાકડા સંબંધમાં આપવામાં આવેલ સૂચનાઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ માં તા.૨૯/૧૧/૨૦૨૧ ના હુકમ (એનેક્ષર-૫) દ્વારા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભે આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ. દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશાનિર્દેશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે તેમજ જાહેર જનતાને અગવડ ન પડે તે માટે સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તારમાં ફટાકડા ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. તેમજ તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પણ ફટાકડાના વેચાણ/ફોડવા બાબતે પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે દિશાનિર્દેશો આપવામાં આવેલ છે તથા તેના અમલીકરણ માટે જાહેરનામું બહાર પાડવા અંગે ઉપસચિવ (કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરનાઓ તરફથી તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ સૂચના આપવામાં આવેલ છે. ઉપસચિવ (કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરનાઓ દ્વારા આપવામાં આવેલ સૂચના હાલના સંજોગોમાં ઉચિત હોઈ. જે ધ્યાને લેતા સમગ્ર ખેડા જિલ્લામાં દિવાળીના તહેવારો દરમ્યાન Green Fire Crackers નો જ ઉપયોગ થાય તથા તેને પ્રોત્સાહન મળે તે હેતુ થી ચોક્કસ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

હુકમ:-

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા. ૧૫/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે હુકમ કરું છું.

કૃત્યો:-

1) દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૨૦:૦૦ કલાક થી ૨૨:૦૦ કલાક સુધી જ ફોડી શકાશે તેમજ નૂતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩:૫૫ કલાકથી ૦૦:૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

2) સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) (Series Cracker or Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

3) હાનિકારક ધ્વની પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા ધ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (૧૨૫ ડેસીબેલ યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પી.કે. થી ઓછો અવાજ પેદા કરે તેવા) જ ફટાકડા વેચી / વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત / માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર "PESO ની સૂચના પ્રમાણેનું" માર્કિંગ હોવું જરૂરી છે.

4) હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવે છે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

5) ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો ઉત્પન્ન કરતાં બાંધેલા ફટાકડા (Joint firecrackers, Series crackers or Laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

6) કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

7) તમામ પ્રકારની ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ રહેશે.

8) બેરીયમનો ઉપયોગ કરી ફટાકડા બનાવી શકાશે નહી કે ફોડી શકાશે નહી.

9) લોકોને અગવડ ઉભી ન થાય, કોઈપણ જાતની ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે ખેડા જિલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસ સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા કે દારૂખાનું ફોડી શકાશે નહી.

10) દિવાળીના તહેવાર દરમ્યાન પ્રદૂષણનું પ્રમાણ વધે નહિ તે માટે PESO સંસ્થા ધ્વારા અધિકૃત બનાવટવાળા Green Fire Crackers (ગ્રીન ફાયર ક્રેકર્સ) નો વેચાણ તથા ઉપયોગ કરી શકાશે.

11) કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહિ તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી.

12) ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ ધ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ. તા.૧૪/૧૦/૨૦૨૫

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No. KHD/MAG/e-file/450/2025/2953/MAG BRANCH.-હીરાપુર મહેમદાવાદ રોડ કિ.મી.૧૬/૧૪૦ થી કિ.મી.૩૦/૧૫૦ ચેઈનેજ પર સિધ્ધિ વિનાયક મંદિર પાસેના મહેમદાવાદ ગામ ખાતે વાત્રક નદી પર આવેલ જુના બ્રીજ પર બ્રીજના રીપેરીંગની કામગીરી હાલમાં ચાલુ હોય, જેથી તકેદારીના ભાગરૂપે સદર બ્રીજ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે ૩ માસ બંધ કરી સદર વાહનોના ટ્રાફિકને અન્ય

વૈકલ્પિક માર્ગ ઉપર ડાયવર્ટ કરવો હિતાવહ હોય, જેથી તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓ તા.૨૩/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/૧૯૭૩/ ૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવી તા.૨૯/૦૭/૨૦૨૫ થી તા.૨૯/૧૦/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું સદર બ્રીજના રીપેરીંગની કામગીરી હાલ પ્રગતિમાં હોઈ, ઉકત જાહેરનામાની મુદત લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદએ તા.૦૯/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાક જા.નં.:સીબી/૨૭૦૮/૨૦૨૫ થી પુનઃ દરખાસ્ત અત્રે કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ -ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૩૦/૧૦/૨૦૨૫ થી તા.૩૦/૧૨/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

- હીરાપુર થી નૈનપુર ચોકડી, વાત્રક નદી સિધ્ધી વિનાયક મંદિર પાસે આવેલ જુના રોડ બ્રીજ થઈ મહેમદાવાદ તથા ખાત્રજ ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

- હીરાપુર થી નૈનપુર ચોકડી, વાત્રક નદી સિધ્ધી વિનાયક મંદિર પાસે આવેલ જુના રોડ બ્રીજની બાજુમાં આવેલ નવા રોડ બ્રીજ ઉપર થઈ મહેમદાવાદ તથા ખાત્રજ ચોકડી તરફ વાહનો જઈ શકશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગો વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેર ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ. તા.૧૮/૧૦/૨૦૨૫

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No. KHD/MAG/e-file/450/2025/3077/MAG BRANCH.-માતર પેટા વિભાગ હસ્તક વાવડી-ડામરી ગોંવિદપુરા -શેત્રા-નાયકા રોડ પર શેત્રા ગામ પછી મોતીયા વહેરા પર શેઢી સિંચાઈ વિભાગનું સ્લેબ ડ્રેઈન આવેલ છે. જે સ્લેબ ડ્રેઈન જર્જરીત થઈ ગયેલ હોવાથી જાહેર સલામતીને ધ્યાને લઈ સદર રસ્તો બંધ કરી સદર રસ્તા પરના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૩૧/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.પી.બી./વશી/૧૧૫૧ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે તા.૦૭/૦૮/૨૦૨૫ થી તા.૦૭/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું સદરહું કામગીરી હજુ પૂર્ણ થયેલ ન હોઈ, જેથી સદર જાહેરનામાની મુદત લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદએ તા. ૦૭/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાક જા.નં/પીબી/વશી/૧૬૨૩/૨૦૨૫ થી પુનઃ દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ- A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૮/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) વાસણા ટોલ (ખેડા-ધોળકા રોડ) થી મોતીયા વહેરા શેઢી સિંચાઈ રોડ બ્રીજ થઈ શેત્રા, નાયકા, ચલીન્દ્રા થઈ બારેજા તરફ જતો-આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

- વાસણા ટોલ (ખેડા-ધોળકા રોડ) થી શેત્રા ગામ તરફ મોતીયા વહેરા પહેલા દાંડી રોડ થઈ ગોવિંદપુરા, ઢઠાલ, ભેરાઈ, નવાગામ થઈ બારેજા તરફ વાહન વ્યવહાર અવર-જવર કરી શકશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગો વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેર શ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ. તા.૦૧/૧૧/૨૦૨૫

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No. KHD/MAG/e-file/450/2025/3099/MAG BRANCH.-ખેડા જિલ્લાનાં સાંખેજ-મલાતજ રોડ (૧.૧૦૦ કિ.મી.) તા.જિ.ખેડા ઉપર મેશ્વો નદી ઉપર આવેલ મેજર બ્રીજની તપાસ બાદ સદર બ્રીજ સલામતીના હેતુ સર ભારે વાહનો માટે બંધ કરી ભારે વાહનોના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.પીબી/ વશી/૧૦૭૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું સદરહું કામગીરી હજુ પૂર્ણ થયેલ ન હોઈ, જેથી સદર જાહેરનામાની મુદત લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદએ તા.૦૪/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાક જા.નં/પીબી/વશી/૧૬૧૫/૨૦૨૫ થી પુનઃ દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩૧(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) સાંખેજ તા.ખેડા થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ મલાતજ ગામ તરફ જતોભારે વાહન વ્યવહાર.

2) મલાતજ ગામ થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ સાંખેજ તા.ખેડા તરફ આવતો ભારે વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) સાંખેજ તા.ખેડા થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ મલાતજ ગામ તરફ આવતોતમામ ભારે વાહન વ્યવહાર.

- સાંખેજ થી કનીજ ગામ, સોમેશ્વર લાટ, કનીજ બસ સ્ટેન્ડ, નેનપુર ચોકડી, નેનપુર ગામ થઈ મલાતજ તરફ જઈ શકાશે.

2) મલાતજ ગામ થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ સાંખેજ તા.ખેડા તરફ આવતોતમામ ભારે વાહન વ્યવહાર.

- મલાતજ, નેનપુર ગામ, નેનપુર ચોકડી, કનીજ બસ સ્ટેન્ડ, સોમેશ્વર લાટ, કનીજ ગામ થઈ સાંખેજ ગામ તરફ જઈ શકાશે.

શિક્ષા

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગો વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેર શ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા-નડીઆદ. તા.૦૧/૧૧/૨૦૨૫

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 18:20:25 IST